
# શહેરની અંધશાળાની ડીઝાઈન દેશમાં ટોપ ટેનમાં

## આનંદ સોનેચા (આર્કિટેક્ટ) દ્વારા આ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે





ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં સેક્ટર-૧૬ સ્થિત અંધજન શાળામાં અદ્યતન સુવિધાવાળી ઈમારત તૈયાર કરવામાં આવી છે. અત્યાર સુધી અહીંયા રહેતા બાળકોને રહેવા અને ભણવા માટે એક જ બિલ્ડીંગ હતુ. જ્યારે હવે આ સંકળામણમાંથી નીકળીને અલગથી શિક્ષણની સુવિધા વિકસાવવામાં આવી છે. નવી શૈક્ષણિક ઈમારતમાં પાંચ પ્રકારના દસ વર્ગખંડો ધરાવે છે. આ જગ્યા બાળકોને રમવા, તહેવારોની ઉજવણી કરવા, વિવિધ કાર્યક્રમો કરવા સહિતની જગ્યા પૂરી પાડે છે. આ બિલ્ડિંગની ટાઈપોલોજી વિદ્યાર્થીઓને જગ્યાઓનો માનસિક નકશો બનાવવા માટે પ્રેરે છે. દરેક ખૂણાઓને સ્ટોક અથવા આર્ટિક્યુલેટેડ વોલ્યુમોથી ઓળખવામાં આવે છે અને સેન્ટ્રલ પ્લાઝાની આસપાસના કોરિડોરની દરેક બાજુએ જુદી જુદી પહોળાઈ અને વોલ્યુમ હોય છે. આનાથી વિદ્યાર્થીઓ બિલ્ડીંગમાં તેમનું સ્થાન ઓળખી શકે છે. સેન્ટ્રલ પ્લાઝાની આસપાસના દરેક વર્ગખંડમાં વિશિષ્ટ ઉપયોગો માટે અલગ અલગ સુવિધાઓ મુકવામાં આવી છે. સંગીતરૂમ, મીટિંગ રૂમ, વર્કશોપ વગેરે. તેમના કાર્યોને આધારે ખાસ વર્ગખંડમાં વિવિધ સ્વરૂપો, વોલ્યુમો, પ્રકાશ માટેની વ્યવસ્થા છે. અન્ય વર્ગખંડો વરંડા જેવા છે. જ્યાં સારૂ વેન્ટિલેશન અને નિયંત્રિત પ્રકાશ મળી રહે તેવી ડિઝાઈન કરવામાં આવી છે. વર્ગખંડોમાં ઠંડકનો અનુભવ થાય છે. કેમ્પસમાં ૩૭ પ્રજાતિઓના ૧૦૦૦થી વધુ ઝાડીઓ, વૃક્ષો, છોડ વાવવામાં આવ્યા છે. આ શાળામાં એક કરતાં વધુ ઈન્દ્રિયોની મદદથી નેવિગેટ કરવા માટેની ડિઝાઈન કરવામાં આવી છે. માનવ સાધના સંસ્થાના સહયોગથી તથા ઉદાર દાતાઓના સહયોગથી આ અત્યાધુનિક બિલ્ડિંગની સવલત મળી છે. જેની ડિઝાઈન આનંદ સોનેચા (આર્કિટેક્ટ) દ્વારા ખૂબ સૂઝબૂઝથી તૈયાર કરાઈ છે. આનંદ સોનેચાના જણાવ્યા મુજબ આ તેમના જીવનમાં પ્રથમ એવું સ્ટ્રક્ચર છે જે અંધશાળાના બાળકો માટે તૈયાર થયું છે. સમગ્ર ગુજરાતમાં આ પ્રકારનું બિલ્ડિંગ માત્ર ગાંધીનગરમાં તૈયાર થયેલ છે. જ્યાં હાલમાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે.

● દૃષ્ટિ :-

જે વિદ્યાર્થીઓની દૃષ્ટિ ઓછી હોય છે તેઓ એવી જગ્યાઓને અલગ કરી શકે છે જેમાં પ્રકાશ અને પડછાયાનો વિરોધાભાસ હોય અથવા વિરોધાભાસી રંગો અને સપાટીઓ હોય. વિશિષ્ટ સ્કાય લાઈટ્સ અને છાંયો અને પ્રકાશ સાથે વિરોધાભાસી વિસ્તાર બનાવવામાં આવેલ છે. ઉદાહરણ તરીકે વિશિષ્ટ વર્ગખંડોના પ્રવેશદ્વારને ઊંચી છત દ્વારા ચિન્હિત કરવામાં આવ્યા છે. જેમાં પ્રકાશનો પડછાયો બને છે. ઉપરાંત દરવાજા, ફર્નિચર, સ્વીચબોર્ડ પર વિરોધાભાસી રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ નેવિગેશન દરમિયાન જે તે જગ્યા પર સરળતાથી પહોંચી શકે છે. ઓછી દૃષ્ટિ ધરાવતા વિદ્યાર્થીઓ સીધા સૂર્યપ્રકાશ પ્રત્યે સંવેદનશીલ હોવાથી વર્ગખંડમાં ફિલ્ટર થઈને સૂર્યપ્રકાશ આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

● અવાજ :-

અવાજ અનુસાર વિદ્યાર્થીઓને ચોક્કસ જગ્યાનો અનુભવ થાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અમુક ભાગ ઊંચાઈવાળો અને અમુક ભાગ નીચો હોવાથી અવાજનો પડઘો વિદ્યાર્થીઓ ઓળખી શકે છે અને તેઓ ક્યા ઉભા છે તેનુ જ્ઞાન થાય છે. દરેક જગ્યાને ઓળખી શકાય તેવા અલગ અલગ અવાજ ઉત્પન્ન થાય છે.

● સ્મેલ :-

લેન્ડસ્કેપ ડિઝાઈનમાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. વર્ગખંડની બાજુમાં આવેલા અને કોરિડોર સાથે જોડાયેલા કોર્ટયાર્ડ્સમાં સુગંધિત છોડ અને વૃક્ષો છે જે બિલ્ડિંગના નેવિગેશનમાં મદદ કરે છે.

● સ્પર્શ :-

સરળ અને ખરબચડી સપાટીઓ સાથે દિવાલો અને ફ્લોરની રચના કરાઈ છે. જેના સ્પર્શથી જગ્યાનો અનુભવ કરી શકાય છે. બિલ્ડિંગમાં પાંચ અલગ અલગ વોલ પ્લાસ્ટર ટેક્સચરનો ઉપયોગ થયો છે. કોરિડોરની બે લાંબી બાજુઓ આડી રચના ધરાવે છે. જ્યારે ટૂંકી બાજુઓ ઉભી રચના ધરાવે છે. જે વિદ્યાર્થીઓને તેઓ કોરિડોરની કઈ બાજુઓ નેવિગેટ કરી રહ્યા છે તે ઓળખવામાં મદદ કરે છે.

### જિલ્લામાં ૭૩ ટકા વાવેતર નોંધાયુ

## હવામાન સતત બદલાતા ખેડૂતો ઉનાળુ વાવેતરથી દૂર રહેવાનુ પસંદ કરે છે

ગાંધીનગર, તા. ૧૨

હવામાનની સ્થિતિ પ્રતિકૂળ રહેતી હોવાથી જિલ્લામાં ઉનાળુ ખેતીમાં પ્રયોગો કરવાથી ખેડૂતો દૂર રહ્યા છે. એટલુ જ નહિ ઉનાળુ મગફળીનું વાવેતર પણ આ વખતે ઘટતુ જોવા મળી રહ્યુ છે. મળતી વિગતો વિગતો પ્રમાણે ઉનાળુ વાવેતર જિલ્લામાં ૭૩ ટકા જેટલુ થઈ ગયુ છે.

જેમાં પરંપરાગત પાકોનું વાવેતર જ નોંધાયુ છે. જિલ્લામાં સામાન્યતઃ ઉનાળુ વાવેતર ૨૯ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં નોંધાતુ હોય છે.

જિલ્લામાં રહેલી વરસાદી ઘટ અને સતત હવામાનમાં બદલાવ નોંધાતો હોવાથી ખેડૂતો પણ વાવેતર માટે બહુ ઉત્સાહી જણાતા નથી. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે.

જેમાં બાજરીનું વાવેતર ૫૯૭૧ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૩૪૪૧ હેક્ટરમાં તેમજ ઘાસચારાનું વાવેતર ૭૫૯૩ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં મગનું વાવેતર ૧૬ હેક્ટરમાં, ડાંગરનુ વાવેતર ૬૦ હેક્ટરમાં, તલનું વાવેતર ૧ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૬ હેક્ટરમાં નોંધાયુ છે.

દહેગામમાં ૧૧૩ ટકા જેટલુ વાવેતર, ગાંધીનગરમાં ૬૮ ટકા, કલોલમાં ૪૭ ટકા તો માણસામાં ૪૧ ટકા વિસ્તારમાં વાવેતર નોંધાયુ છે.

માણસા અને ગાંધીનગરમાં વરસાદની ઘટ રહેવા પામી છે જ્યારે કલોલમાં ધીમી ગતિએ પાણીના સ્તર ઊંડા ઉતર્યા હોવાથી વાવેતર ઓછુ જોવા મળી રહ્યુ છે.

## સે-૧૧ના ફોરલેન રસ્તા પર ડીવાઈડર મુકાશે

ગાંધીનગર, તા.૧૨

સેકટર-૧૧માં ફોરલેન રસ્તાની કામગીરી થયેલ છે. જેમાં રોડ નં.૩થી સેકટર-૧૧માં પ્રવેશ કરતાં રસ્તો ફોરલેન તૈયાર થયેલ છે. પરંતુ આ રસ્તા પર ડીવાઈડર બનાવેલ નથી. જેથી સેકટર-૧૧માં આવતાં અને જતાં વાહનો પુરઝડપે દોડી રહયા છે. પરિણામે રોડ નં.૩ ઉપરથી પસાર થતાં વાહનો અને ચાલતા રાહદારીઓને રસ્તો ક્રોસ કરતાં મુશ્કેલી અનુભવવી પડે છે તો ડીવાઈડર મુકવાનું રહી ગયેલ છે કે સ્માર્ટ સીટીના સ્માર્ટ રસ્તામાં કોઈ નવી સવલત ઉભી કરવાની હોઈ તો તુરંત જ કરવી જરૂરી છે.

## પ્રધાનમંત્રી આયુષ્યમાન સ્માર્ટ કાર્ડનું વિતરણ કયારે થશે?

ગાંધીનગર, તા.૧૨

પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડને સ્માર્ટ કાર્ડ બનાવી વિતરણ કરવા માટેનો દિવાળી સમયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યોજાયેલ હતો. જે સમયે જાહેરાત કરવામાં આવેલ છે. પીએમજેવાય હેલ્થ કાર્ડ સ્માર્ટ કાર્ડ દરેક લાભાર્થીને પહોંચાડવામાં આવશે. પરંતુ ગાંધીનગરમાં આ કામગીરીમાં કોઈ પ્રગતિ થયેલ નથી. જેથી આ લાભાર્થીઓને સ્માર્ટ કાર્ડ છ માસ થવા છતાં મળેલ નથી. જન સેવા કેન્દ્રમાંથી આ કાર્ડ તૈયાર થઈને આવેલ હતા પરંતુ તંત્રએ સ્માર્ટ કાર્ડ ત્યાંથી વિતરણ કરવાના બદલે આખી વ્યવસ્થા ખોરંભે પડેલ છે તો આ સ્માર્ટ કાર્ડ લાભાર્થીઓને કયારે મળશે તેની રાહ લોકો જોઈ રહયા છે.

## લાયોનેસ કલબ દ્વારા અનાજની કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૧૨

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા અંધશાળા (એસએબી) સંચાલિત સે-૧૬ ખાતે અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃતિમાં યોગદાન આપનાર દાતા સાધનાબેન પરમારનો લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા આભાર વ્યકત કર્યો હતો. આ સેવાકીય કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ પ્રીતીબેન શર્મા, સેક્રેટરી વિમળાબેન અયાસી, મિનાક્ષીબેન જયસિંધાણી, રીટાબેન શાહ, પ્રતિમાબેન ત્રિવેદી અને કુસુમબેન જોષીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

## દહેગામના નાંદોલમાં આયુષ મેળાનો ૧૪ હજારથી વધુ લોકોએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૧૨

આયુર્વેદ એ આપણી પ્રાચીન અને વિશ્વસનીય ચિકિત્સા પદ્ધતિ છે તેમ જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે નાંદોલ ખાતે આયુષ મેળાનો પ્રારંભ કરાવતાં કહ્યુ હતુ.

દહેગામના નાંદોલ ખાતે ગઈકાલે યોજાયેલ આયુષ આરોગ્ય મેળામાં ૧૪ હજારથી વધુ લાભાર્થીઓ નોંધાયા હતા.

આયુષ મેળાના પ્રારંભે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ તેમાં ૫૪૦થી વધુ લોકો જોડાયા હતા. આ લાભાર્થીઓને યોગના ફાયદા સમજાવવામાં આવ્યા હતા.

આ આયુષ મેળામાં ડૉ. હેમાંગીની આર્ય અને ડૉ. ગાયત્રી પટેલે આયુર્વેદ સિદ્ધાંતો અને આયુષ મેળાની વિગતો સુંદર નાટ્યકૃતિ દ્વારા રજુ કરી લોકોમાં આકર્ષણ જમાવ્યુ હતુ.

આ આયુષ મેળા નિમિત્તે ખાસ આયુર્વેદ વનસ્પતિઓનું પણ પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ હતુ. ૩ હજારથી વધુ લોકોએ નિહાળ્યુ હતુ.

જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા યોજવામાં આવેલ આ આયુષ મેળામાં નાડી પરીક્ષણ, અગ્નિકર્મ, રક્ત મોક્ષણ, દાંતના રોગ, મર્મ ચિકિત્સા, મસા-ભગંદર, નાક-કાન-ગળાના રોગ, લાઈફસ્ટાઈલ ડિસઓર્ડર, સ્ત્રીરોગ, સુવર્ણપ્રાશન, પ્રકૃતિ પરીક્ષણ પણ યોજવામાં આવ્યુ હતુ.

રસોડાના ઔષધ અંગેના પ્રદર્શને પણ ગ્રામવાસીઓમાં અનોખુ આકર્ષણ ઉભુ કર્યુ હતુ. આ મેળામાં પંચકર્મ અંગે ૨૮૦ થી વધુ લોકોએ માર્ગદર્શન મેળવ્યુ હતુ.

આ આયુષ મેળામાં જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડા, ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોર, પૂર્વ સદસ્ય લલિતસિંહ ઠાકોર, રાજુભાઈ ઠાકોર, કનુભાઈ પટેલ, વિનોદ પટેલ, નૈલેષભાઈ પટેલ, મંજુલાબેન પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

આ મેળામાં જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે મહેમાનોને આવકારી અને શાબ્દિક પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતુ.

ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે આયુષની ટીમ દ્વારા કરાયેલ સફળ આયોજનને લઈ સમગ્ર તંત્રની ટીમની પીઠ થપથપાવી હતી તેમજ આયુર્વેદ ઉકાળાના મહત્વને સમજાવ્યુ હતુ.

## મહેસાણા જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ

મહેસાણા,તા.૧૨

મહેસાણા જિલ્લામાં સતત કોરોના કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે.આજે મહેસાણા જિલ્લામાં કોરોનાના ૬ કેસ નોંધાયા છે.જેમાં તમામ દર્દીઓ ૫ થી ૨૦ વર્ષના હોવાનું સામે આવ્યું છે જિલ્લામાં એક્ટિવ કેસનો આંકડો ૧૧ પર આવી પહોંચ્યો છે.મહેસાણા જિલ્લામાં લાંબા સમય બાદ ફરી કોરોનાએ માથું ઊંચક્યું છે જેમાં આજે એક જ દિવસમાં ૬ કેસ સામે આવ્યા જેમાં મહેસાણા ના કસબા વિસ્તારમાં સેતાવાડમા ૧૬ વર્ષીય બાળક, નીલકંઠ સોસાયટીમા ૧૫ વર્ષીય કિશોરી, નીલકંઠ સોસાયટી ખાતે ૨૦ વર્ષીય યુવતી,નીલકંઠ સોસાયટીમાં ૫ વર્ષીય બાળકી, મહેસાણા તાલુકાન લાઘણજ મા મોગલીવાડ મા ૧૯ વર્ષીય યુવક તેમજ લાઘણજ માં ૧૬ વર્ષીય કિશોરી કોરોના પોઝિટિવ આવ્યા છે. જિલ્લા આજે નોંધાયેલ કોરોના કેસમાં મહેસાણામાં એક જ વિસ્તારમાં ૩ કેસ છે તેમજ અલગ સલગ વિસ્તારમાં પણ કેસ સામે આવ્યા જેમાં ૫ થી ૨૦ વર્ષના બાળકો અને બાળકીઓમાં કોરોના કેસ સામે આવ્યા હોવાનું સામે આવતા આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવ્યું છે.



લીબોદરા કુમાર શાળાના બાળકો અને શિક્ષકો મળી શાળામાં હોળીની ઉજવણી કરી હતી.



મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ચાંદખેડા ખાતે આનંદનો ગરબો યોજાયો હતો.

# સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવનો શુભારંભ

**રાજ્યના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરા, ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી : ગાંધીનગરના સંસ્કૃતિ કુંજનાં મંચ પર ગુજરાતના જ નહીં, દેશભરના લોકનૃત્યનો દસ દિવસ ચાલશે નૃત્યમહોત્સવ**








ગાંધી.તા.૧૨

ગાંધીનગરના સંસ્કૃતિ કુંજ ખાતે રાજ્યના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા અને ગાંધીનગરના પ્રથમ નાગરિક એવા મેયર હિતેશભાઈ મકવાણા એ વસંતોત્સવ ૨૦૨૩ નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરની સાબરમતી નદીના સાંનિધ્યમાં આવેલા સંસ્કૃતિ કુંજના મંચ પર રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત એક ભારત, શ્રેષ્ઠ ભારતની થીમ સાથે આ વસંતોત્સવની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. જેનો શુભારંભ ગણેશવંદના સાથે કરવામાં આવ્યો હતો. રાજકોટના જીજ્ઞેશ સુરાની ગ્રુપ દ્વારા તેની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અવસરે ઓરિસ્સાના લોકનૃત્ય-સાંબલપુરી નૃત્ય, પંજાબના ભાંગડા, રાજસ્થાનનું કાલબેલિયા, છત્તીસગઢનું સેલા નૃત્ય, હરિયાણાનું લોક નૃત્ય, ગુજરાતના ડાંગી નૃત્ય અને રાસ-ગરબા ઉપરાંત ગુજરાતની પરંપરાગત ભવાઈ અને કેરવા નૃત્યની પ્રસ્તુતિએ કલારસિકોનાં દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે ગુજરાતના પ્રસિદ્ધ લોક કલાકાર ઓસામણ મિરે વસંતના વધામણા કરી લોક સાહિત્ય દ્વારા ઉપસ્થિત કલા રસિકોને અભિભૂત કર્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યો સર્વે રાજેન્દ્રસિંહ રાઠવા, અભેસિંહ તડવી, રીટાબેન પટેલ, અગ્ર સચિવ અશ્વિનીકુમાર તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.